# કુંવરજી બાવળીયા અખિલ ભારતીય કોળી સમાજમાંથી સસ્પેન્ડ કરાયા

**કોળી સમાજને બદનામ કરવાના આરોપસર નિર્ણય : બાવળિયા, પીઠાવાલાને સાઈડ ટ્રેક કરાયા : ઉમેશ પટેલ**

અમદાવાદ, તા.૧૫

વિધાનસભા ચૂંટણી પહેલા કોળી સમાજમાં જુથવાદ ચરમસીમાએ પહોંચ્યો છે કોળી સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ પહેલા જ અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખપદ માટે મોટા પાયે ડખા સામે આવી રહ્યા છે. કારણ કે કુંવરજીભાઈ બાવળિયા અને અજીતભાઈ બંને જૂથોએ પ્રમુખપદ માટે દાવેદારી ઠોકતા વિવાદનું વંટોળ ઊભું થયું છે.ત્યારે હાલમાં કોળી સમાજને લઈ સૌથી મોટા સમાચાર મળી રહ્યા છે. અખિલ ભારતીય કોળી સમાજમાંથી કુવરજી બાવળીયાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.મહત્વનું છે કે આજે અખિલ ભારતીય કોળી સમાજની કાર્યકારણીની બેઠક મળી હતી. જેમાં કોળી સમાજને બદનામ કરવાના આરોપસર બાવળીયા



સસ્પેન્ડ કરવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.કોળી સમાજ પ્રમુખ અજીત પટેલે બાવળીયાને હાંકી કાઢવાનો નિર્ણય કર્યો છે. આપને જણાવી દઈએ કે અજીત પટેલ અને કુંવરજી બાવળિયાનું જુથ અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ પદને લઈ સામ સામે હતું. જેમાં અનેક આરોપ પ્રત્યારોપ લગાવવામાં આવ્યા છે.

તો બીજી તરફ કોળી સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ કુંવરજી બાવળિયા અને અજીતભાઈની આગેવાનીમાં યોજાશે જેમાં અજીતભાઈ અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ તરીકે જવાબદારી સંભાળશે તેમજ કુંવરજીભાઈ બાવળિયા સુવર્ણ જયંતી મહોત્સવના અધ્યક્ષ રહેશે. સમારંભ પૂર્ણ થતા બંને આગેવાનો સમાજના હોદ્દા પરથી રાજીનામું આપશે. પણ કુંવરજી બાવળિયા અને ચંદ્રવદન પીઠાવાલા ગ્રુપ દ્વારા મહોત્સવનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. અખિલ ભારતીય કોળી સમાજના પ્રમુખ અજિત કોન્ટ્રાક્ટર દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાષ્ટ્રપતિ પણ હાજરી આપવામાં છે.

અખિલ ભારતીય કોળી સમાજના સંમેલન મામલે વિવાદ સામે આવ્યો છે. આગામી સમયમાં અખિલ ભારતીય કોળી સમાજનુ સંમેલન યોજાવાનુ છે પરંતુ તેમાં કુંવરજી બાવળીયાને સાઈડ લાઈન કરાઈ રહ્યાનો આક્ષેપ લાગી રહ્યો છે. આ આરોપ ગુજરાત કોળી સમાજના મહામંત્રી ઉમેશ પટેલે લગાવ્યો છે. તેમને કહ્યુ છે કે, ચૂંટણીમાં ટિકિટ મેળવવા આ સંમેલન બોલાવાયુ છે. જેમાં કુંવરજી બાળળિયા અને ચંદ્રવદન પીઠાવાલાને સાઈડ લાઈન કરાઈ રહ્યા છે. આમ કુંવરજી બાળળિયાના સમર્થનમાં ચોર્યાસી તાલુકાના કોળી સમાજના યુવાનોએ સંમેલનના બહિષ્કારની ચીમકી ઉચ્ચારી છે

# રાજ્યમાં કોરોનાના નવા ૩૩ કેસ : ૩૭ દર્દી રિકવર થયા

ગાંધીનગર, તા.૧૫

રાજ્યમાં આજે કોરોનાના નવા ૩૩ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૩૭ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૫૬૩ નાગરિકો દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. જો કે રસીકરણ પણ ઝડપથી ચાલી રહ્યું છે. રાજ્યમાં આજે રસીના કુલ ૪૫૧૬ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા.

બીજી તરફ એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૧૪ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૨૧૨ નાગરિકો સ્ટેબલ છે. આ ઉપરાંત ૧૨,૧૩,૫૬૩ નાગરિકો ડીસ્ચાર્જ થઇ ચુક્યાં છે. જ્યારે અત્યાર સુધીમાં ૧૦,૯૪૪ નાગરિકોનાં કોરોનાને કારણે મોત થઇ ચુક્યાં છે. જો કે રાહતના સમચાર કહી શકાય કે આજે એક પણ નાગરિકનું કોરોનાને કારણે મોત નથી થયું. અમદાવાદ કોર્પોરેશનમાં ૧૫, આણંદ ૧, ગાંધીનગર કોર્પોરેશનમાં ૬, સુરતમાં ૧ અને વડોદરા કોર્પોરેશનમાં ૧૦ કેસ નોંધાયા છે. આ પ્રકારે કુલ ૩૩ કેસ નોંધાયા હતા.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં ૧૮ વર્ષથી વધારેની ઉંમરના ૯૨ ને રસીનો પ્રથમ જ્યારે ૧૦૭૬ ને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૧૫-૧૭ વર્ષના નાગરિકો પૈકી ૧૨ ને રસીનો પ્રથમ અને ૧૪૬ ને રસીનો બીજો ડોઝ અપાઇ ચુક્યો છે. ૨૧૫૮ ને પ્રીકોર્શન ડોઝ અપાઇ ચુક્યાં છે.

# દક્ષિણ ગુજરાતના ખેડૂતોનો પ્રધાનમંત્રી મોદીને પત્ર : પ્રતિબંધ પરત લેવા માંગ

**ઘઉં નિકાસ પ્રતિબંધથી ખેડૂતો નારાજ : હાલ મણ દીઠ ૫૫૦-૬૦૦ રુપિયાના ભાવે ઘઉં વેચાઈ રહ્યાં છે જે ઘટીને ૪૫૦ રુપિયાની આજુબાજુ આવી શકે**

સુરત, તા.૧૫

વધતી મોંઘવારી વચ્ચે સામાન્ય લોકો માટે એક સારા સમાચાર છે. સરકારે ઘઉંના સ્ટોક અને તેના ભાવને લઈને મોટો નિર્ણય લીધો છે. ઘઉંની નિકાસ પર કેન્દ્રના પ્રતિબંધ બાદ એક અઠવાડિયામાં ભારતમાં ઘઉંના ભાવ ઘટવા લાગશે. હાલમાં મણ દીઠ ૫૫૦-૬૦૦ રુપિયાના ભાવે ઘઉં વેચાઈ રહ્યાં છે જે આગામી અઠવાડિયમાં ઘટીને ૪૫૦ રુપિયાની આજુબાજુ આવી શકે છે.

તો આ તરફ ઘઉંની નિકાસ પર પ્રતિબંધથી ખેડૂત સમાજ નારાજ દેખાઈ રહ્યો છે. દક્ષિણ ગુજરાતના ખેડૂત સમાજ પ્રધાનમંત્રી મોદીને પત્ર લખ્યો છે જેમાં ઘઉંના નિકાસનો પ્રતિબંધ પાછો ખેંચવાની માંગ કરવામાં આવી છે. કારણ કે ઘઉંના નિકાસ પ્રતિબંધથી ખેડૂતોને મોટા પાયે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

ઘઉંનો MSP ક્વિન્ટલ દીઠ ૩૦૦૦ રૂપિયા કરવાની માંગ છે તેમજ ડીઝલ પર ૫૦ ટકા સબસિડી આપવા અને ખેત વપરાશના સાધનો પર જીએસટી નાબૂદ કરવાની માંગ પણ સાથોસાથ રાખવામાં આવી છે.કેન્દ્રીય ખાદ્ય સચિવ સુધાંશુ પાંડેએ પ્રેસ કોન્ફરન્સ કરીને કહ્યું હતું કે, એક સપ્તાહમાં ઘઉંના ભાવ ઘટવા લાગશે. ઘઉં સસ્તા થવાથી લોટના ભાવ પણ ઘટશે. સુધાંશુ પાંડેએ એવી પણ માહિતી આપી હતી કે, દેશમાં ઘઉંનો જથ્થો જળવાઈ રહે તે માટે ઘઉંની નિકાસનો આદેશ જારી કરવામાં આવ્યો છે અને કોઈ પણ સંજોગોમાં ઘઉંનો સ્ટોક ઘટશે નહીં.ખાદ્ય તેલ સસ્તુ થવા લાગ્યું છે.

ટૂંક સમયમાં જ ઈન્ડોનેશિયા તેની સમીક્ષા કરશે, ત્યારબાદ તેલની કિંમતમાં વધુ ઘટાડો થશે. વાસ્તવમાં ઈન્ડોનેશિયામાં વિશ્વમાં સૌથી વધુ પામ ઓઈલ છે. પરંતુ આ સમયે ઈન્ડોનેશિયાએ તેલની નિકાસ બંધ કરી દીધી છે. જોકે ઈન્ડોનેશિયા આટલું પામ ઓઈલનો વપરાશ કરવામાં અસમર્થ છે, પરંતુ તે ચોક્કસપણે પામ ઓઈલની નિકાસ કરશે

# વડોદરાના પોઈચા ગામે ખેતરમાં આકાશમાંથી વરસેલા ગોળાએ કુતુહલ સાથે રહસ્ય સર્જ્યું

**ગુજરાતના ત્રીજા શહેરમાં પડ્યો એલિયનનો ગોળો : છેલ્લા ત્રણ દિવસથી અવારનવાર આ પ્રકારની ઘટના બનતા લોકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ ફેલાયો છે**

વડોદર, તા.૧૫

ગુજરાતમાં ત્રણ દિવસથી આકાશમાંથી વરસી રહેલા ગોળાએ રહસ્ય સર્જ્યુ છે. લોકો ગભરાઈ ગયા હતા. આ ઘટનાને લઈને લોકોમાં ભય અને દહેશત પ્રસરી ગઈ છે. આખરે લોકો જાણવા ઉત્સુક છે કે, આકાશમાંથી સતત એક જ પ્રકારના ગોળા કેવી રીતે પડી રહ્યા છે અને માત્ર મધ્ય ગુજરાતના વિસ્તારોમાં જ કેમ પડી રહ્યાં છે. આ અવકાશી ગોળાનુ શુ રહસ્ય છે, લોકો આ ગોળાના એલિયનના પદાર્થ સાથે સરખાવી રહ્યાં છે. ખેડા, આણંદ બાદ હવે વડોદરામાં આકાશમાંથી ગોળા વરસ્યા છે. આણંદ, નડિયાદ બાદ હવે વડોદરામાં પણ અવકાશમાંથી ગોળા પડવાની ઘટનાએ કુતૂહલ સાથે રહસ્ય સર્જ્યુ છે. લોકોમાં હવે ડરનો માહોલ છે. હજુ સુધી ગોળા અંગે કોઈ જાણકારી મળી



નથી. જેથી ગોળનું રહસ્ય વધુ ઘેરાયું છે. વડોદરાના પોઈચા ગામે ખેતરમાં આકાશમાથી પડેલો પદાર્થ મળી આવ્યો છે. ખેતરમા અવકાશી પદાર્થ પડતાં તાલુકામાં ચર્ચાનો વિષય બન્યો છે. મધ્ય ગુજરાતમાં અવકાશીય ગોળા પડવાનો સિલસિલો સતત યથાવત છે. ધાતુ જેવા પદાર્થથી બનેલો અવકાશી ગોળા વરસી રહ્યાં છે. સાવલી પોલીસે અવકાશી પદાર્થનો કબજો લીધો છે. સાવલી પોલીસે FSL અને ઊચ્ચ અધિકારીઓને આ વિશે જાણ કરી છે.

છેલ્લા ત્રણ દિવસથી અવારનવાર આ પ્રકારની ઘટના બનતા લોકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ ફેલાયો છે. સૌથી પહેલા દાગજીપુરાગામની સીમમાં ગુલાબના ખેતરમાં તેમજ ખાનકુવા ગામની સીમમાં ખેતરમાં તેમજ શિલી જીતપુરામાં ખેતરમાં છતના પતરા તોડી આકાશમાંથી ગોળા પડ્યા હતા. જેના બાદ ભૂમેલ ગામમાં પણ આવો જ ગોળો મળી આવ્યો હતો. જેથી લોકો ગભરાઈ ગયા હતા. આ ઘટનાને લઈને લોકોમાં ભય અને દહેશત પ્રસરી જવા પામી હતી. ફએસએલ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે.

એફએસએલ અધિકારી દ્વારા ગોળાઓની ચકાસણી કરવામાં આવી છે. પ્રાથમિક તબક્કે આ ગોળા સેટેલાઈટમાંથી છુટા પડેલા સ્પેસ બોલ હોવાનું અનુમાન થઈ રહ્યું છે. આ ગોળા વજનમાં બહુ હલકા છે. ફૂટબોલની સાઈઝથી થોડા મોટા અને ગોળાની બંને તરફ મોઢાના ભાગ વેલ્ડીંગ કરાયેલા છે. આ ગોળા ખુબ જ મજબૂત છે. આકાશમાંથી પડવા છતાં આ ગોળાઓ અકબંધ છે કોઈ નુકસાન થયું નથી. જેથી તે વિશેષ ધાતુમાંથી બનાવવામાં આવ્યા હોવાનું અનુમાન છે.

આ અંગેની ચકાસણી માટે સંબંધિત વિભાગ અને એજન્સીઓને જાણ કરવામાં આવી છે. આકાશમાંથી ભારેખમ ગોળા પડતા કોઈ જાનહાનીની સમાચાર સામે આવ્યા નથી. કારણ કે તે ગોળા ખાલી ખેતરમાં પડ્યા હતા.

# પાલનપુર પાસે બસ-ટ્રકની ટક્કર

**૩ના મોત : ઘટનામાં આંકડો વધે તેવી શક્યતા : કાણોદર પાસે ઉભેલી ટ્રક પાછળ રાજસ્થાનથી અમદાવાદ જતી લક્ઝરી બસ ઘૂસી જતા ૩૦થી વધુ મુસાફરો ઘાયલ**

બનાસકાંઠા, તા.૧૫

પાલનપુરના કાણોદર નજીક લગઝરી બસ અને ટ્રક વચ્ચે વહેલી સવારે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાણોદર નજીક ઉભેલી ટ્રક પાછળ રાજસ્થાનથી અમદાવાદ જતી લક્ઝરી બસ ઘૂસી જતા બસમાં સવાર ૩ મુસાફરોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. તો અકસ્માતમાં ૩૦ થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. જેઓને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. મોતનો આંકડો હજુ વધે તેવી શક્યતાઓ છે.

પાલનપુર તાલુકા પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. બસ રાજસ્થાનથી અમદાવાદ તરફ જઈ રહી હતી, ત્યારે કેવી રીતે ઉભેલી ટ્રક પાછળ ઘૂસી ગઈ તે તપાસના વિષય છે. આખરે એવુ શુ થયુ કે બસે ટ્રકને ટક્કર મારી હતી.

# ચાંદખેડા વિસ્તારમાં ભારતની પ્રખ્યાત સીયેટ કંપની શો રૂમનું ઉદ્ઘાટન



ગાંધીનગર, તા. ૧૫

અદ્યતન ટેકનોલોજી અને સુવિધાઓ સાથે આજરોજ સીયેટ કંપનીના શો રૂમનું ઉદઘાટન ચાંદખેડા વિસ્તારમાં થયું હતું. આ ઉદ્ઘાટન પ્રસંગે કંપનીના ઝોનલ મેનેજર રીજીનીયલ મેનેજર અને કંપનીના માર્કેટિંગ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સૌ પ્રથમ રીબીન કાપી અને દીપ પ્રગટાવી ઉદઘાટનની વિધિ કરવામાં આવી હતી. આવો અદ્યતન સુવિધા શો રૂમ પહેલો જ બન્યો છે. આ પ્રસંગે છેલ્લે હરીશભાઈ પટેલે દરેક લોકોનો આભાર માન્યો હતો.

# નરેશ પટેલની પાસના આગેવાનો સાથે મહત્વપૂર્ણ બેઠક

**હાર્દિક પટેલ, બાંભણિયા અને કથિરિયા હાજર રહ્યા : હાર્દિક પટેલની કોંગ્રેસથી નારાજગી અંગે પણ ચર્ચા થઈ રાજકીય, સામાજિક પારિવારિક મુદ્દા પર ખૂલીને ચર્ચા**

રાજકોટ, તા.૧૫

રાજકોટમાં ખોડલધામ ખાતે નરેશ પટેલે પાસના આગેવાનો સાથે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં હાર્દિક પટેલ, દિનેશ બાંભણિયા અને અલ્પેશ કથિરિયા હાજર રહ્યા હતા. ખોડલધામ ખાતેની બેઠકમાં સામાજીક અને રાજકીય ચર્ચા મુદ્દા પર ચર્ચા થઈ હતી. તો સાથે જ હાર્દિક પટેલની કોંગ્રેસથી નારાજગી અંગે પણ ચર્ચા થઈ હતી. બેઠક બાદ હાર્દિક પટેલે કહ્યુ કે, આજે અમે રાજકીય, સામાજિક પારિવારિક મુદ્દા પર ખૂલીને ચર્ચા કરી છે. નરેશભાઈની સલાહ હંમેશા અમે માનીને આગળ વધીએ છીએ. આજે કેસ પાછા ખેંચવાની પ્રોસેસ જલ્દી ચાલે તેના પર ચર્ચા કરી. તેમના રાજકીય નિર્ણય પર અમે સહમત છીએ. તેમના આદેશને સર્વમાન્ય માનીને આગળ વધીશું. અમારા હેતુ સામાજિક પરિબળોને હાવિ બનાવવુ નહિ, પણ લોકોને સમૃદ્ધ બને તે છે.

તો નરેશ પટેલે કહ્યુ હતુ કે, પાટીદાર યુવકો પરના કેસ જલ્દી ખેંચાય તેવી સરકારને વિનંતી છે. કેસ ખેંચાવની પોઝિટિવ વાત શરૂ થઈ છે, પણ જલ્દીથી કેસ ખેંચાય તે જરૂરી છે. નિર્ણય લેવાયો, પણ પ્રોસિજર ધીમી ચાલે છે. મારા રાજકારણના પ્રવેશ અંગે મેં હાર્દિક અને અન્ય નેતાઓ સાથે ચર્ચા કરી. પાંચ સાત દિવસ પછી બીજી બેઠક કરીશું, તેમાં મારો નિર્ણય જણાવીશ. આ બેઠકમાં અન્ય અગ્રણી પણ રહેશે. આજની બેઠકમાં મારા વિશે ઘણી ચર્ચા થઈ, વડીલો મારી ચિંતા કરે, યુવાનો મને રાજકારણમાં ઈચ્છે છે. પરંતુ રાજકારણમાં પ્રવેશવાનો નિર્ણય આજેને આજે આવે નહિ, તે માટે વધુ એક બેઠક કરીશું. તેમાં નિર્ણય લઈ લઈશું.

# અદાણી દંપતી નહિ લડે ચૂંટણી, સ્ટેટમેન્ટ જાહેર કરીને કર્યો ખુલાસો

કચ્છ, તા.૧૫

ગૌતમ અદાણી અને પ્રીતિ અદાણી રાજ્યસભાની ચૂંટણી નહિ લડે. અદાણી ગ્રુપે સ્ટેટમેન્ટ જાહેર કરી આ મામલે ખુલાસો કર્યો છે. અદાણી પરિવારમાંથી કોઈ રાજકીય પાર્ટીમાં જોડાવા માંગતા નથી તેવુ કહેવાયુ છે. આમ, ગૌતમ અદાણી, પ્રીતિ અદાણી રાજ્યસભામાં જવાની અટકળો પર પૂર્ણ વિરામ મૂકાયુ છે.

ગૌતમ અદાણી હવે દુનિયાના ટોચના અમીરોમાં સામેલ થઈ ગયા છે. ગત કેટલાક દિવસોથી તેમના રાજકારણમાં જોડાવાને લઈને ચર્ચા ઉઠી હતી. ચર્ચા ઉઠી હતી કે, ગૌતમ અદાણી કે તેમના પત્ની ડો.પ્રીતિ અદાણીને રાજ્યસભાના સાંસદ બનાવી શકાય છે. આ ચર્ચા પર અદાણી ગ્રૂપે સ્પષ્ટતા કરી છે. અદાણી ગ્રૂપ દ્વારા સ્ટેટમેન્ટ જાહેર કરીને કહ્યુ કે, અદાણી પરિવારના કોઈ પણ પણ સદસ્યને રાજકારણમાં કોઈ રસ નથી.

## ગરમીનું જોર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રાત્રિના સમયે પણ વાતાવરણમાં ઠંડક થતી નથી જો કે ગઈકાલે રાત્રિના સમયે પવન ફુંકાતા શહેરીજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. ગરમીમાં વધઘટ સાથે સવારે અને સાંજના સમયે વાતાવરણમાં ભેજનુ પ્રમાણમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. ગાંધીનગરમાં છેલ્લા એક સાત આઠ વર્ષમાં સિઝનની રેકર્ડ બ્રેક ગરમી આ વર્ષે નોંધાઈ છે. વર્ષોના અંતે ગરમીનો પારો ૪૬ ડીગ્રીની નજીક પહોંચી જતા નગરજનોએ વિકરાળ ગરમી અનુભવી હતી. ગરમીના લીધે શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. શહેરીજનો હવે સતત ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે.

## રચના કરી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી જયારે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે પણ સ્માર્ટ બનવા તરફ આગળ વધતા નગરની સમસ્યાઓ અંગે વિગતવાર માહીતી આપી સેકટરવાસીઓ માટે ઉભી થયેલી સમસ્યાઓ નિવારવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. આ તબક્કે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ હતુ કે સેકટરના પ્રતિનિધિઓ તરફથી પણ સભામાં પ્રશ્નો રજુ કરાયા છે. શહેરમાં પ્લોટના વેચાણ મામલે હજુ સમિતિની રચના થઈ નથી જેના લીધે સનદ ધારકોને પ્લોટ ખરીદ વેચાણ માટે હજુ પણ હાલાકી વેઠવી પડે છે. હાઈકોર્ટના આદેશ બાદ પણ સરકારે આ મામલે સરકારે હજુ સુધી સમિતિની રચના કરી નથી. આ ઉપરાંત સે-૬ માં જાહેર શૌચાલય કાર્યરત હોવાછતા ખુલ્લામાં શૌચક્રીયાએ જવાની ફરજ પડે છે કેમ કે શોચાલયને સવારે ૬ વાગ્યા સુધી તાળા વાગેલા રહે છે. આ ઉપરાંત નગરના મુખ્યમાર્ગો પર ટ્રાફિકનુ ભારણ ઘટાડવા માટે સર્વિસ રોડ તૈયાર કરવાના મામેલ પણ તંત્ર સમક્ષ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. ટ્રાફિક તેમજ ભારે વાહનોની અવરજવરથી ધમધમતા નગરના ખ માર્ગ પર સર્કલ તેમજ ટ્રાફિક પોઈન્ટ મુકવા સહીત અન્ય મુખ્યમાર્ગો પર માર્ગ સલામતીના પરિબળો યોગ્ય કરવા માટે પણ રજુઆત કરવાનો નિર્ણય લેવાયો હતો. મહામંડળની સામાન્ય સભામાં પ્રદિપભાઈ સોલંકી, કશ્યપ મહેતા સહીત સેકટરના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ભાનુભાઈ દવેએ સ્વાગત પ્રવચન કર્યુ હતુ. જયારે દિનેશસિંહ ચાવડા તેમજ નિવૃત સનદી અધિકારીએ નાયકે પણ ઉદબોધન કર્યુ હતુ. સામાન્યા સભાનુ સંચાલન સુધીર દેસાઈએ કર્યુ હતુ.

## ભારતનો ડંકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાંસલ કરવા માટે ઝઝૂમી રહેલાં લક્ષ્ય સેને મહત્વપુર્ણ મેચોમાં આશા અનુસાર પ્રદર્શન કરતાં પ્રથમ મેચમાં હારનો સામનો કર્યા બાદ શાનદાર વાપસી કરતાં દુનિયાના પાંચમા નંબરના ખેલાડી એન્થોની સિનિસુકા ગિનટિંગને ૮-૨૧ ૨૧-૧૭ ૨૧-૧૬થી હરાવીને ભારતને ૧-૦ની લીડ અપાવી હતી. દેશની સૌથી શ્રેષ્ઠ ડબલ જોડી સાત્વિકસાઈરાજ રેક્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ પ્રતિકૂળ પરિસ્થિતિમાં શાનદાર વાપસી કરતાં બીજી મેચમાં ચાર પોઈન્ટ બચાવ્યા અને મોહમ્મદ હસન અને કેવિન સંજય સુકામુલ્જોની જોડીને ૧૮-૨૧ ૨૩-૨૧ ૨૧-૧૯થી હરાવીને ભારતની લીડને ૨-૦ કરી દીધી હતી. બીજા સિંગલમાં શાનદાર પ્રદર્શન કરતાં શ્રીકાંતે એશિયાઈ ગેમ્સમાં ગોલ્ડ મેડલ વિજેતા જોનાથન ક્રિસ્ટીને મેચમાં ૪૮ મિનિટમાં ૨૧-૧૫ ૨૩-૨૧થી હરાવીને ભારતને ૩-૦ની લીડ અપાવી શાનદાર જીત અપાવી હતી. થોમસ કપના ૭૩ વર્ષના ઈતિહાસમાં ભારતીય ટીમ પ્રથમ વખત ચેમ્પિયન બની છે. આ ટુર્નામેન્ટ ૧૯૪૯થી રમાઈ રહી છે.

## હાંકી કઢાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કહ્યું કે કોઈપણ પોતાને પ્રધાનમંત્રી જાહેર કરી શકે છે. તો બીજી તરફ રાકેશ ટિકૈતે નવા સંગઠનના સવાઅલ પર કહ્યું કે બધુ સરકારનું કરેલું છે. સરકારના દબાણમાં આવીને સંગઠનના લોકો અલગ થયા છે.

કહેવામાં આવી રહ્યું છે કે રાષ્ટ્રીય કાર્યકારિણીની આ બેઠકમાં જેટલા પણ ખેડૂત નેતા સામેલ થયા, તેમની નારાજગી ખાસકરીને રાકેશ ટિકૈતથી હતી. તેમણે ટિકૈત પર આરોપ લગાવ્યો હતો કે રાકેશ ટિકૈત આંદોલનનો વ્યક્તિગત ફાયદો ઉઠાવ્યો. તે અલગ-અલગ પાર્ટીઓના મંચ પર જોવા મળ્યા. આ બધુ જોતાં બેઠકમાં પ્રસ્તાવ લાવવામાં આવ્યો અને ત્યારબાદ મોટો ફેરફાર કરવામાં આવ્યો. બેઠકમાં દાવો કરવામાં આવ્યો કે આ ભારતીય કિસાન યૂનિયનનું મૂળ સંગઠન છે, જેમાં અધ્યક્ષ બદલવામાં આવ્યા છે. આ કોઈ નવું સંગઠન બનાવવામાં આવ્યું નથી.

## ચંદ્રગ્રહણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચંદ્રગ્રહણના દિવસે ચંદ્ર લાલ રંગનો દેખાશે. તેથી જ તેને બ્લડ મૂન કહેવામાં આવે છે. ગ્રહણ દરમિયાન ચંદ્રના રંગમાં થતા ફેરફાર અંગે વૈજ્ઞાનિકોનું માનવું છે કે આ સમય દરમિયાન સૂર્યપ્રકાશ પૃથ્વી દ્વારા ચંદ્ર પર પડે છે. તેથી ગ્રહની છાયાને કારણે ગ્રહણ દરમિયાન ચંદ્રનો રંગ બદલાય છે. આ દરમિયાન ચંદ્રનો રંગ લાલ, તાંબા જેવો દેખાવા લાગે છે. જે લોકો આવતીકાલનો બ્લડ મૂન જોવા માગે છે તેઓ નાસાની સાઈટ અથવા ટ્વિટર એકાઉન્ટ પર જઈને તેનો લાઈવ સ્ટ્રીમ જોઈ શકે છે. નાસા સવારે ૮.૩૩ વાગ્યાથી તેનું લાઈવ સ્ટ્રીમ બતાવશે.

વર્ષ ૨૦૨૨નું પ્રથમ ચંદ્રગ્રહણ ભારતીય સમયાનુસાર ૧૬ મે સોમવારે સવારે ૦૭.૫૭ કલાકે શરૂ થશે. આ ચંદ્રગ્રહણ બપોરે ૧૨.૨૦ સુધી રહેશે. એટલે કે આ ચંદ્રગ્રહણનો સમયગાળો લગભગ ૫ કલાકનો રહેશે. જો કે, ભારતમાં દેખાતું ન હોવાને કારણે તેનો સુતક સમયગાળો માન્ય રહેશે નહીં.

## ગોળીબાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્યારે, બફેલોના મેયર બાયરોન બ્રાઉને કહ્યું કે આ ખૂબ જ ખરાબ છે. અમે આ ઘટનાથી દુઃખી છીએ અને આવી ઘટનાઓનો સામનો કરી રહ્યા છીએ. અમે જણાવી પણ શકતા નથી કે અમારા ઘા કેટલા ઊંડા છે.

બફેલો પોલીસના જણાવ્યા અનુસાર, બંદૂકધારી સમગ્ર ઘટનાનું લાઈવ સ્ટ્રીમિંગ કરી રહ્યો હતો. તે સૈન્ય ગિયર સાથે એક દુકાનમાં પ્રવેશ્યો અને લોકોને ખેંચીને પાર્કિંગમાં લઈ ગયો. ત્યારબાદ આરોપીઓએ ફાયરિંગ શરૂ કરી દીધું. શંકાસ્પદને સુપરમાર્કેટમાં પ્રવેશતા અને અન્ય કેટલાક પીડિતોને ગોળી મારતો જોવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ફાયરિંગમાં નિવૃત્ત પોલીસ અધિકારીનું પણ મોત થયું હતું. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કારાઈન જીન-પિયરે જણાવ્યું છે કે રાષ્ટ્રપતિ જો બિડેનને આ ઘટના વિશે જાણકારી આપવામાં આવી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ